ગાંધીનગર સમાચાર

## જન્મદિને વધામણી



કાંતિલાલ
બાબુલાલ શ્રીમાળી
મો. ૯૮૨૪૬ ૯૦૩૦૯

## મનોરંજન

### સિટી પલ્સ

**સ્ક્રીન - ૧**
સોનુ કે ટીટુ કી સ્વીટી
રાત્રે ૧૦.૦૦

**સ્ક્રીન - ૨**
સોનુ કે ટીટુ કી સ્વીટી
૧૨.૪૫, ૩.૪૫
ગુજ્જુ ભાઈ મોસ્ટ વોન્ટેડ
(ગુજરાતી)
૬.૩૦, ૯.૩૦

**સ્ક્રીન - ૩**
વેલકમ ટૂ ન્યુયોર્ક (ડી)
૧૨.૩૦, ૨.૪૫, ૭.૪૫
બ્લેક પેન્થર
(ડી હિન્દી)
૫.૧૫, ૧૦.૧૫

**સ્ક્રીન - ૪**
પેડમેન
૧.૦૦
અઈયારી
૪.૦૦
ચાલ મન જીતવા જઈએ
(ગુજરાતી)
૭.૦૦
લવની ભવાઈ (ગુજરાતી)
૯.૩૦

**સ્ક્રીન-૫**
ગુજ્જુ ભાઈ મોસ્ટ વોન્ટેડ
(ગુજરાતી)
૧૨.૩૦, ૩.૩૦
સોનુ કે ટીટુ કી સ્વીટી
૬.૪૫
વેલકમ ટૂ ન્યુયોર્ક
૧૦.૦૦

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

# આર એન પટેલ પ્રાથમિક શાળામાં વિજ્ઞાન પ્રદર્શનનું આયોજન કરાયું



ગાંધીનગર, તા. ૨૮

વિશ્વ વિજ્ઞાન દિવસના ઉપક્રમે શ્રીમતી આર એન પટેલ પ્રાથમિક શાળા દ્વારા વિજ્ઞાન પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું.

ધોરણ-૬થી ૮ના વિદ્યાર્થીઓ દ્વારા વિજ્ઞાનના સિદ્ધાંત આધારિત ૬૫ જેટલા મૉડેલ્સ આ પ્રદર્શનમાં રજૂ કર્યા હતા. કુલ ૧૩૦ વિદ્યાર્થીઓએ આ ઉપક્રમમાં પોતાની ભાગીદારી નોંધાવી હતી. સમગ્ર પ્રદર્શનમાં હાઈડ્રોલિક જેસીબી, વોટર લેવલ ઈન્ડીકેટર, રોડ ક્લિનર, મોબાઈલ કંટ્રોલ કાર, રોબોટ, ડ્રોન, ફુવારા સિંચાઈ પદ્ધતિ, ભૂકંપ સાવચેતી યંત્ર, હોલોગ્રામ કુલર, ફ્લાય એરોપ્લેન જેવા મોડેલોએ વિદ્યાર્થીઓમાં આકર્ષણ જમાવ્યું હતું. બાળકોમાં રહેલી સર્જનાત્મકતા, અવલોકન શક્તિ અને વિચારશક્તિને ખીલવવા માટે આ ઉપક્રમ દ્વારા શાળાએ સફળ પ્રયત્ન કર્યો હતો. શાળાના તમામ ૧૧૫૦ વિદ્યાર્થીઓએ આ પ્રદર્શન નિહાળી પોતાને મૂંઝવતા પ્રશ્નો કૃતિ તૈયાર વિદ્યાર્થીઓને પૂછ્યા હતા. સમગ્ર વિજ્ઞાન પ્રદર્શનનું સંચાલન શાળાના વિજ્ઞાન શિક્ષક હેતલબેન વાય પટેલ, ભાવનાબેન પ્રજાપતિ તથા પારૂલબેન પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. પ્રિન્સિપાલ દશરથભાઈ પટેલ દ્વારા પણ આ પ્રદર્શન નિહાળી બાળકોને વિવિધ સૈદ્ધાંતિક પ્રશ્નો પૂછી તેમને પ્રોત્સાહન પૂરું પાડવામાં આવ્યું હતું.

### કડી સર્વ વિશ્વવિદ્યાલય અને ગીર ફાઉન્ડેશન દ્વારા

# ત્રણ દિવસીય ખાસ પ્રકૃતિ શિક્ષણ શિબિર



## કૉલેજના વિદ્યાર્થીઓને પ્રકૃતિ સંરક્ષણ તરફ દોરવામાં આવ્યા

ગાંધીનગર, તા. ૨૮

કડી સર્વ વિશ્વવિદ્યાલય અને ગીર ફાઉન્ડેશન દ્વારા ત્રણ દિવસીય ખાસ પ્રકૃતિ શિક્ષણ શિબિરનું આયોજન અરણ્ય પાર્ક ખાતે કરવામાં આવ્યું હતું જેમાં કડી સર્વ વિશ્વવિદ્યાલયની વિવિધ કોલેજના વિદ્યાર્થીઓ જોડાયા હતા. શિબિરના ઉદ્ઘાટન પ્રસંગે ગીર ફાઉંન્ડેશનનાં નિયામકશ્રી આર. ડી. કમ્બોધ સાહેબ ઉપસ્તિત રહ્યા હતા જેમણે પર્યાવરણને લઈ વિવિધ વિષયો, ઘટકોની વિસ્તૃત માહિતી સાથે ગીર ફાઉન્ડેશન દ્વારા પ્રકૃતિના સંરક્ષણ માટે કરવામાં આવતા કાર્યોની ચર્ચા કરી હતી. આલાપ પંડિત દ્વારા હાજર તમામ વિધાર્થીઓને વનભ્રમણ અને વન્ય જીવોની માહિતી આપી હતી. વધુમાં શહેરના જાણીતા યોગાચાર્ય અને ટ્રેનર જે.સી. પટેલ ત્રણ દિવસ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને સ્વાસ્થ્ય, શિક્ષણ અને સંસ્કાર જેમાં તેમણે હકારાત્મક વ્યતિકત્વના વિવિધ પાસા - સેલ્ફ અવેરનેસ, સ્ટ્રેસ મેનેજમેન્ટ, હેલ્થ મેનેજમેન્ટ લાઈફ વિઝન એન્ડ ગોલ્સ, માઈન્ડ પાવર , ઈન્ટર પર્સનલ સ્કીલ્સ, ટાઈમ મેનેજમેન્ટ અંગે વિસ્તૃત છણાવટ કરી હતી. શિબિરના સમાપન સમાંરભમાં કડી સર્વ વિશ્વવિદ્યાલયના ડો. રણછોડ રથવી, ડો. જયેશભાઈ તન્ના અને ડો. ધર્મેન્દ્ર પટેલ ઉપસ્થિત રહી વિધાર્થીઓને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. શિબિરના અંતે વિવિધ પ્રોજેક્ટ્સના માધ્યમથી શિબિરઆર્થીઓ દ્વારા વન્ય પ્રાણીઓ, વૃક્ષો, વીજળી અને પાણી બચાવવાનો નિર્ધાર કરવામાં આવ્યો હતો.

સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન અને આયોજન ડો.ધર્મેન્દ્રભાઈ પટેલ, સુરજ મુન્જાની, કોમલ પટેલ, અને ગુંજન પનારા દ્વારા કરવામાં આવ્યું હતું.

# આર જી - એસ બી પટેલ શાળામાં શુભેચ્છા સમારોહ યોજાયો

ગાંધીનગર, તા. ૨૮

તાજેતરમાં ખીમજી વિસરામ હૉલમાં શ્રીમતી આર જી પટેલ કન્યા માધ્યમિક અને શ્રીમતી એસ બી પટેલ કન્યા ઉચ્ચતર માધ્યમિક શાળાની ચાલુ વર્ષની ધોરણ-૧૨ અને ધોરણ-૧૦ની ૭૫૦ વિદ્યાર્થિનીઓનો વિદાય શુભેચ્છા સમારંભ યોજવામાં આવ્યો હતો.

સૌપ્રથમ હૉલમાં ધોરણ-૧૨ અને ધોરણ-૧૦ની વિદ્યાર્થિનીઓ ખુશમિજાજ સ્થિતિમાં ઉપસ્થિત રહી હતી. આ સમારંભમાં મુખ્ય મહેમાન કમલેશભાઈ પટેલ (નાયબ સચિવ, પૅન્શન અને તિજોરી, નાણાં વિભાગ) અને આર જી સ્કૂલના ગણિત વિષયના ભૂતપૂર્વ શિક્ષક પધાર્યા હતા. અતિથિ વિશેષ તરીકે શ્રીમતી મીતાંશીબેન પટેલ (રોજગાર વિનિયમ કચેરી) ઉપસ્થિત રહ્યાં હતાં. આચાર્ય, સુપરવાઈઝર ગિતેષભાઈ, હંસાબેન, ગીતાબેન, આર જી સ્કૂલના તમામ સ્ટાફ મિત્રો પણ ઉપસ્થિત રહ્યા હતા. સૌપ્રથમ કાર્યક્રમની શરૂઆત પ્રાર્થના નૃત્યથી થઈ, જેના શબ્દો હતા 'સ્વર્ગ સે સુંદર હમારા', જે ધોરણ-૯થી ૧૬ વિદ્યાર્થિનીઓ દ્વારા ખૂબ સુંદર રજૂ થઈ હતી. જેનું માર્ગદર્શન જયશ્રીબેને આપ્યું હતું અને સંચાલન મંજુલાબેન ડોડિયા અને સોનલબેને સંભાળ્યું હતું. ત્યારબાદ અતિથિઓના હસ્તે દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું હતું. મહેશભાઈએ શ્લોકગાન કર્યું હતું અને ત્યારબાદ અતિથિઓનું સ્વાગત કરવામાં આવ્યું હતું.

વિદ્યાર્થિનીઓએ પોતાના પ્રતિભાવો રજૂ કર્યા હતા. ધોરણ-૧૦ની જાહ્નવી પ્રજાપતિ, ધોરણ-૧૨ કૉમર્સની વિદ્યાર્થિની કનીષા રાઠોડ અને ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહની વિદ્યાર્થિની ભક્તિ રામાનુજે પોતાના વક્તવ્યમાં સ્કૂલોની મીઠી યાદ અપાવી હતી. શિક્ષકોના લાગણીસભર સ્વભાવના વખાણ કર્યા હતા. ત્યારબાદ શિક્ષકોએ આશીર્વચન, શુભેચ્છા આપી હતી. જયશ્રીબેને વિદ્યાર્થિનીઓને પરીક્ષાલક્ષી માર્ગદર્શન અને સંસ્કારને લગતી મીઠી ટકોર કરી હતી. રશ્મિબેને વિદ્યાર્થિનીઓને ઊંચું લક્ષ્ય મેળવવાની, આત્મવિશ્વાસ, સંસ્કાર, શિસ્ત, ચારિત્ર્ય ઘડતર, કારકિર્દી ઘડતરની શીખ આપી. શૈલેષભાઈએ પરીક્ષાલક્ષી સૂચનાઓ આપી હતી. મહેમાન કમલેશભાઈએ વિદ્યાર્થીઓને અભ્યાસ કરવાની ટીપ્સ આપી હતી. એકાગ્રતા, આત્મવિશ્વાસ, વાચન, પરીક્ષામાં તેનો અમલ વગેરે બાબતો જણાવી હતી. મીતાંશીબેને વિદ્યાર્થિનીઓને ધોરણ-૧૨ પછી શું કરવું તે અંગેનું વિગતે માર્ગદર્શન આપ્યું હતું. ત્યારબાદ મહેમાનો દ્વારા વિદ્યાર્થિનીઓને કુમકુમ તિલક કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન આચાર્ય સુધાબેન પી પટેલ અને સુપરવાઈઝર ગીતેશભાઈએ આપ્યું હતું.

# એસ.જી - એસ. વી. પ્રાથમિક શાળામાં સેન્ડ ડીઝાઈનની પ્રવૃત્તિ યોજાઈ



ગાંધીનગરની એસ.જી, એસ.વી. પ્રાથમિક શાળાના ધો-૧ થી ૪ ના બાળકોને માટે સેન્ડ ડીઝાઈનની પ્રવૃત્તિનું આયોજન થયું.આ પ્રવૃત્તિ અંતર્ગત બાળકોને શાળામાંથી વિવિધ ચિત્રો આપવામાં આવ્યા હતા. બાળકોએ તે ચિત્રમાં કલર,રેતી ફેવિકોલથી ચોટાડી ચિત્રને આબેહુબ બનાવ્યું હતું. આ પ્રવૃતિમાં બાળકોએ ઉત્સાહથી ભાગ લીધો હતો.

### એમ બી પટેલ કન્યા પ્રાથમિક શાળા દ્વારા

# જનજાગૃતિ રાત્રિ કાર્યક્રમનું આયોજન કરાયું

ગાંધીનગર, તા. ૨૮

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી સંચાલિત શ્રીમતી એમ બી પટેલ કન્યા પ્રાથમિક શાળા દ્વારા તાજેતરમાં શાળાની વિદ્યાર્થિનીઓ દ્વારા જનજાગૃતિ રાત્રિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. શાળાની વિદ્યાર્થિની બહેનો દ્વારા વ્યસનમુક્તિ, પ્રકાશપુંજ, બેટી બચાવો બેટી પઢાવો, સાયન ઑફ રેસ જેવા સમાજસુધારણાને સ્પર્શતા મુદ્દા આધારિત નાટકો તથા સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરવામાં આવ્યો હતો. બંને ગામમાં રાત્રિ કાર્યક્રમ દરમિયાન ઘણી બહોળી સંખ્યામાં ગ્રામવાસીઓ એકઠા થયા હતા. રાંધેજા તથા દશેલા ગામના આમંત્રિત મહેમાનો તથા ગામના પ્રતિષ્ઠિત નાગરિકોએ ઉપસ્થિત રહી કાર્યક્રમ રજૂ કરનાર તમામ કલાકારોને પ્રોત્સાહિત કરી ઈનામ પેટે રૂપિયા ૧૦ હજાર જેટલી માતબર રકમ પુરસ્કાર રૂપે અર્પણ કરી હતી. દાતાઓ તરફથી વિદ્યાર્થિનીઓ અને સ્ટાફ પરિવાર માટે અલ્પાહારની વ્યવસ્થા પણ કરવામાં આવી હતી. જનજાગૃતિ કાર્યક્રમનુંઆયોજન શાળાના મદદનીશ શિક્ષક સતીષભાઈ પટેલે કર્યું હતુંઅનેતેનુંસંચાલન ચંદ્રકાન્તભાઈ પટેલે કર્યું હતું. આચાર્ય નીરૂબેન જે પટેલે ગામના નાગરિકો, દાતાઓ તથા વાલીમિત્રો પ્રતિ આ સફળ કાર્યક્રમ બદલ આભારની લાગણી વહાવી હતી.

# ડિવાઈન જુનિયર પ્રિસ્કૂલમાં હોળીની ઉજવણી



ગાંધીનગરના સૅક્ટર-૬માં કાર્યરત ડિવાઈન જુનિયર પ્રિસ્કૂલમાં હોળીની ઉજવણી કરવામાં આવી હતી, જેમાં નાનાં ભૂલકાઓએ કેમિકલ ફ્રી રંગો વડે હોળીની મજા માણી હતી. ભૂલકાઓ રંગોમાં ખૂબ જ સોહામણા લાગતાં હતાં. રંગબેરંગી પિચકારીની મજાથી સ્કૂલનું વાતાવરણ શોભી ઊઠ્યું હતું. ડિવાઈન જુનિયર પ્રિસ્કૂલના ફાઉન્ડર ગિરા ચૌધરી તથા હેડ ટીચર હર્ષિદા શુક્લા ઉપરાંત અન્ય સ્ટાફમિત્રોની હાજરીમાં આ ઉજવણી પરિપૂર્ણ થઈ હતી.

# નાદરી ચાંદીસણા પ્રાથમિક શાળામાં રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસની ઉજવણી



નાદરી ચાંદીસણા પ્રાથમિક શાળામાં રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસની ઉજવણી હાથ ધરવામાં આવી હતી, જેમાં વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ પ્રયોગો કરવામાં આવ્યા હતા તેમજ વિજ્ઞાન અને ટૅકનોલૉજીના લાભાલાભ, વૈજ્ઞાનિકો વિશે વક્તૃત્ત્વ સ્પર્ધા પણ યોજાઈ હતી. બાળકોએ ઉત્સાહભેર આ ઉપક્રમોમાં ભાગ લીધો હતો. આ પ્રવૃત્તિઓમાં ભાગ લેનારા તમામ વિદ્યાર્થીઓને આચાર્ય કોકિલાબેન એસ ચૌધરીએ બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.

# હરેકૃષ્ણ મંદિર ભાડજ ખાતે બીજીએ ગૌર પૂર્ણિમા ઉજવાશે



હરેકૃષ્ણ મંદિર- ભાડજ તા. ૨ માર્ચ, ૨૦૧૮ ના રોજ ગૌર પૂર્ણિમાની ઉજવણી કરી રહ્યું છે. આ દિન ભગવાન શ્રી ચૈતન્ય મહાપ્રભુના અવતરણનો શુભદિન છે. પૌરાણિક ગ્રંથો અનુસાર સર્વશક્તિમાન ભગવાન શ્રીકૃષ્ણ એ ભક્ત તરીકે શ્રી ચૈતન્ય મહાપ્રભુના સ્વરૂપમાં શ્રીધામ માયાપુરમાં (કલકત્તાથી ઉત્તર દિશામાં ૧૫૦ કિલોમીટર દૂર આવેલ ગામમાં) આશરે ૫૦૦ વર્ષ પહેલા અવતર્યા હતા. તેમણે કલિયુગમાં હરિનામ સંકિર્તનનો પ્રચાર કર્યો તેમજ લોકસમુદાયને ભગવાનના નામનું રટણ કરવાના કાર્યમાં મહત્વનું યોગદાન આપ્યું જે કલિયુગનો યુગધર્મ મનાય છે. શ્રી ચૈતન્ય મહાપ્રભુ પોતાની સુવર્ણરૂપી કાયાને કારણે ગૌરાંગા તરીકે પણ પ્રસિધ્ધ છે. આ વર્ષે તેમની ૫૩૧મી જન્મજયંતિ આવી રહી છે તેમજ આ ઉત્સવ ગૌડીય વેષ્ણવો માટે નવવર્ષના શરૂઆતનો નિર્દેશ કરે છે. આ દિવસે ભક્તો ચંદ્ર રાત્રે પૂર્ણપણે ખીલે ત્યાં સુધી ઉપવાસ રાખે છે.

સર્વ શકિતમાન ભગવાન શ્રીકૃષ્ણએ જગતમાં હરિનામ સંકિર્તનનો પ્રસાર કરવા– જે કલિયુગનો યુગધર્મ મનાય છે - શ્રી ચૈતન્ય મહાપ્રભુ સ્વરૂપે પ્રગટયા.તેઓ ફાગણ સુદ પૂનમના શુભદિવસે વર્ષ ૧૪૮૬માં કલકત્તાથી ઉત્તર દિશામાં ૧૫૦ કિલોમીટર દૂર આવેલ શ્રીધામ માયાપુરમાં શ્રી જગન્નાથ મિશ્રા અને શ્રીમતી સચીદેવીના પૂત્રસ્વરૂપે અવતર્યા હતા. તેમનો જન્મ તેમના ઘરઆગંણાની બહાર આવેલ લીમડાના ઝાડ નીચે થયો હતો આથી તેમના માતાપિતાએ તેમનું નામ "નીમાઈ" રાખ્યું હતું.

જગતમાં હરિનામ સંકિર્તનનો પ્રારંભ સર્વ શકિતમાન ભગવાન શ્રીકૃષ્ણ સ્વંયમ થકી કરવા ઈચ્છતા હતા તેમજ સ્વંયમના ઉદાહરણ દ્વારા કેવી રીતે ભકિતમય સેવામાં સ્વયંએ સમર્પણ કરવું એ દર્શાવવા માંગતા હતા. આથી શ્રીમતી રાધારાની કે જે ભગવાનની સર્વોચ્ચ ભકત છે તેમના મનોભાવનો સ્વીકાર કરીને પોતે એક ભકતરૂપે પ્રગટયા હતા. તેમના અવતરણના આ દિવસને ગૌરપૂર્ણિમા ઉત્સવ તરીકે દર વર્ષે ઉજવવામાં આવે છે.

હરેકૃષ્ણ મંદિર ભાડજ ખાતે આ ઉત્સવની ઉજવણી સાંજના ૬ વાગ્યાથી શરૂ થશે. ઉત્સવના ભાગરૂપે શ્રી શ્રી નિતાઈ ગૌરાંગની મૂર્તિને સુંદર વિવિધ પૂષ્પોથી સુશોભિત પાલકીમાં વિહાર કરાવવામાં આવશે. ભક્તો સર્વોપરી ભગવાનને પ્રસન્ન કરવા માટે મહા સંકિર્તન કરશે. મંદિરનો દરેક ખૂણો હરેકૃષ્ણ મહામંત્રથી ગૂંજી ઉઠશે. ભક્ત સમુદાય દ્વારા શ્રી ચૈતન્ય મહાપ્રભુ જેમણે જગતભરમાં ભગવાન શ્રીકૃષ્ણના પવિત્ર નામનુ રટણ કરવાના ઉદેશનો પ્રસરાવ કર્યો એ ઉદેશનું નિરૂપણ કરતા હરિનામ સંકિર્તનનું રટણ દિવસ આખા દરમ્યાન કરવામાં આવશે

વિહાર બાદ ભગવાન શ્રી નિતાઈ ગૌરાંગની મૂર્તિને (ભગવાન શ્રીચૈતન્ય અને શ્રી નિત્યાનંદાને) મહા અભિષેક અર્પણ કરવામાં આવશે. ભગવાનની મૂર્તિને સર્વપ્રથમ પંચામૃત ( જે દૂધ, દહીં, ઘી, મધ અને ગોળના પાણીનુ મિશ્રણ છે) થી અભિષેક કરાવવામાં આવશે તેમજ પંચગવ્ય ( જે દૂધ, દહીં, ઘી, ગૌમૂત્ર અને છાણને પાણી સાથે સંમિશ્રિત કરીને બનાવેલ મિશ્રણ) થી પણ અભિષેક કરાવવામાં આવશે અને ત્યારબાદ વિવિધ ફળોના રસ દ્વારા અભિષેક કરાવવામાં આવશે. ભક્તો દ્વારા ખાસ સ્ત્રોત – બ્રહ્મસમહિતા- જેની મૂળ કૃતિ શ્રીચૈતન્ય મહાપ્રભુએ કેરાલામાં તિરૂવટ્ટારમાં આવેલ આદિ કેશવા મંદિરમાંથી પ્રાપ્ત કરેલ હતી તેના સ્ત્રોતનું રટણ કરવામાં આવશે. શ્રીલા ભક્તિવિનોદ ઠાકુર જે ગૌડીય વૈષ્ણવ સંપ્રદાયના પરંપરા આચાર્ય છે તેમના દ્વારા રચિત ગૌરા આરતી ભક્તો દ્વારા ગાઈને મહાઆરતી ઉતારવામાં આવશે. ત્યારબાદ મૂર્તિઓને ૧૦૮ કળશના પવિત્ર જળનો અભિષેક કરાવવામાં આવશે જે દરમ્યાન ભકતો ઋગવેદમાં વર્ણવેલ પૂરૂષસુક્તનું રટણ કરતા ભગવાનને પ્રાર્થના કરશે. પછી ભગવાનને ૧૦૮ પ્રકારના વિવિધ પકવાનનો ભોગ ધરાવવામાં આવશે. ભગવાનને અભિષેક અને ભોગ ધરાવ્યા બાદ શ્રીચૈતન્ય મહાપ્રભુની મહત્તા દર્શાવતું ગીત શ્રીસચીતનય અષ્ટકમ સાથે ગાઈને મહામંગલા આરતી ઉતારવામાં આવશે. આપ સૌને આ પવિત્ર દિવસે મંદિરમાં પધારવા અને ઉત્સવમાં ભાગ લેવા અમારું ભાવભર્યું આમત્રંણ છે. ઉત્સવની પૂર્ણાહતીમાં સૌ ભકતોને અનુકલ્પા મિષ્ટાન આપવામાં આવશે જેને અનાજ સિવાયના તત્વોમાંથી બનાવેલ હોય છે. આ દિવસે કોઈ પણ ધાન્ય ગ્રહણ કરવાની મનાઈ હોય છે. ઉત્સવના બીજા દિવસે ભગવાનને ખાસ મિષ્ટાનનો ભોગ ધરાવવામાં આવશે જેને જગન્નાથ મિશ્રા મિષ્ટાન તરીકે ઓળખવામાં આવે છે. મિષ્ટાનનું આ પ્રચલિત નામ ચૈતન્ય મહાપ્રભુના પિતાએ પુત્રજન્મ નિમિત્ત ઉજવવાના ભાગરૂપે આપેલ ખાસ મિજબાનીના ઉપક્રમે આપવામાં આવ્યું છે.